ગાંધીનગર સમાચાર

**એસ.ઓ.જી.ના લાયસન્સ વગર ચાલતી વધુ ચાર હોટલો પર દરોડા**

# જિલ્લામાં આઠ માસમાં એચઆઈવીના ૧૫૦ પોઝીટીવ કેસ

## આજે એચઆઈવી એઈડસ દિવસ ઉજવાશે : સમગ્ર રાજયમાં માત્ર ૦.૫થી પણ ઓછી ટકાવારી સાથે ગાંધીનગર જિલ્લો 'ડી' કેટેગરીમાં : જિલ્લામાં ૧ હજારથી વધુ દર્દીઓ એચઆઈવીની સારવાર લઈ રહ્યા છે

ગાંધીનગર, તા.૩૦

સમગ્ર વિશ્વ તા. ૧લી ડિસેમ્બરે 'એચઆઈવી-એઈડસ દિન' ઉજવશે. આ ઉજવણીનો ઉદ્દેશ એચઆઈવી એઈડસ પ્રત્યે જન માનસમાં જાગૃતિ ફેલાવી તેને નિયંત્રિત કરવાનો છે. સાથે આ મહારોગના દર્દીઓ પ્રત્યે સમાજમાં સન્માનભર્યું વર્તન કરાય તથા તેમને યોગ્ય સારવાર મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવાનો પણ છે. ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭ અત્યાર સુધીમાં એપ્રિલથી નવેમ્બર સુધીમાં આઠ માસમાં ૧૪૭ પોઝીટીવ કેસ નોંધાયા છે. જેમાં ૯ સગર્ભા મહિલાઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે એ.આર.ટી. સેન્ટરથી પ્રાપ્ત વિગતો અનુસાર વર્ષ ૨૦૧૬-૧૭માં એપ્રિલથી નવેમ્બર સુધીના આઠ માસના ગાળા દરમિયાન કુલ ૧૧૮૯૯ જનરલ ટેસ્ટ તથા ૧૪૮૮૩ સગર્ભા મહિલાઓની એચઆઈવી અંગે તપાસણી કરાઈ હતી જેમાંથી ૧૩૮ જનરલ કેસ તથા




૯ સગર્ભા મહિલાઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. એક અંદાજ મુજબ અત્યારે જિલ્લામાં આશરે ૧ હજારથી વધુ દર્દીઓ એચઆઈવી-એઈડસની સારવાર મેળવી રહ્યા છે તથા સામાન્ય જીવન વ્યતિત કરી રહ્યાં છે. હાલ ગાંધીનગર જિલ્લો રાજયમાં ૦.૫ ટકાથી ઓછી ટકાવારી ધરાવતો હોવાથી 'ડી' કેટેગરીમાં સ્થાન પામ્યો છે. જે અહીં એચઆઈવી-એઈડસ પ્રત્યે થઈ રહેલી અસરકારક કામગીરી પુરવાર કરે છે. એચઆઈવી એઈડસ થવાના મુખ્ય ત્રણ કારણોમાં જંતુયુકત ઈંજેકશન સિરિંજનો ઉપયોગ અસુરક્ષિત સંભોગ તથા ગર્ભવતી માતા દ્વારા બાળકને થવાના કારણનો સમાવેશ થાય છે. એચઆઈવીના ચેપની સ્થિતિ જયારે એઈડસ સુધી પહોંચે છે ત્યારે દર્દીને અન્ય તકવાદી રોગોનો ખતરો વધી જાય છે જેમાં મુખ્ય ક્ષય રોગ છે. ગાંધીનગરમાં હાલ ૮ થી ૧૦ ટકાવારી રોગોનો ભોગ બનેલા એચઆઈવી પોઝીટીવ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. આવા દર્દીઓની સારવાર લાંબો સમય સુધી ચાલતી હોય છે.

એચઆઈવી એઈડસનો ભોગ બનનારા સૌથી વધુ દર્દીઓમાં લાંબા સમય સુધી ઘરથી દૂર પ્રવાસમાં રહેનારા ટ્રક ડ્રાઈવરો ઉપરાંત સેકસ વર્કર્સ વગેરે મુખ્ય છે. સમાજમાં હાલ એચઆઈવી પોઝીટીવ દર્દીઓ પ્રત્યે ભેદભાવભર્યું વર્તન ન કરાય તેવું વાતાવરણ સર્જવું એ એઈડસ દિવસની ઉજવણીનું મુખ્ય કાર્ય બની રહેશે.

## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સાંજે ૪.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ સે-૨૨ ખાતે યોજાશે.

● સે-૨ સ્વામિનારાયણ મંદિરના ૧૭મા પાટોત્સવ નિમિત્તે બપોરે ૧.૩૦ કલાકે સે-૨-બી પ્લોટ નં. ૧૪૫૬/૨ ખાતેથી પોથીયાત્રા નીકળશે તેમજ બપોરે ૩.૦૦ કલાકે કથાનો પ્રારંભ થશે. જયારે સાંજે ૫.૦૦ કલાકે શ્રી કૃષ્ણજન્મોત્સવની ઉજવણી કરાશે.

● શ્રીમદ આધ્યાત્મિક કેન્દ્ર કોબા ખાતે આનંદધામ ગુરુકુળ શતાબ્દી મહોત્સવ અંતર્ગત ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા સાંજે ૭થી ૧૦ કલાક દરમિયાન સંસ્કાર વર્ધક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

## જીઈબી થી ગામ તરફ જવાના માર્ગના કામનો શુભારંભ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જીઈબીમાં ગામ તરફ જવાનો માર્ગ વર્ષોથી કાર્યરત છે પરંતુ આ માર્ગ પર ક્રિકેટ ગ્રાઉન્ડમાં સમાઈ જવાથી બાજુમાં ઉબડ-ખાબડ માર્ગ હતો. નાગરીકોએ અનેકવાર સ્થાનિક કોર્પોરેટર અને જીઈબી તંત્ર સમક્ષ માર્ગ બનાવવા રજુઆત કરી હતી. આખરે તંત્રએ માર્ગનું કામ પુરજોશમાં શરુ કર્યું છે.

ગાંધીનગર જીઈબી ખાતે હજ્જારો નાગરીકો વસવાટ કરે છે. જીઈબીમાંથી ગામ તેમજ ગાંધીનગર બંન્ને તરફ આવન-જાવન થાય તે માટે માર્ગ છે. જીઈબીના માર્ગનો પેથાપુરવાસીઓને ભરપુર લાભ થાય છે. કારણ કે આસપાસના ગામમાં તેઓના સ્નેહીજનો વસેલા છે. પેથાપુરથી ચિલોડા, પાલજ, લેકાવાડા, બોરીજ, ઈન્દ્રોડા તેમજ શહેરમાં પ્રવેશ કરવો હોય ત્યારે જીઈબીમાંથી પસાર થવુ સરળતા રહે છે. જીઈબીમાંથી પસાર થવા માટે વર્ષો જુનો માર્ગ હતો પરંતુ ક્રિકેટ ગ્રાઉન્ડમાં જતો રહેતા બાજુમાં ઉબડ-ખાબડ માર્ગ બની જતા વસાહતીઓ અને ગ્રામજનો પરેશાન થઈ જતા હતા. વાહન પણ ખરાબ થઈ જાય તેવી પરિસ્થિતિ ઉભી થવા પામી હતી. નાગરીકોએ અનેકવાર તંત્ર સમક્ષ માર્ગ બનાવવા રજુઆત કરી છતા કોઈ નિર્ણય ન આવતા સ્થાનિક કોર્પોરેટર સોફિયાબેન પરમાર અને હસનબેન પરમારને માર્ગ અંગે રજુઆત કરી હતી. કોર્પોરેટરોએ જીઈબી તંત્ર સમક્ષ આ અંગે રજુઆત કરતા તંત્રએ તાત્કાલીક ધોરણે કામગીરી શરુ કરી છે ત્યારે સાથોસાથ જીઈબી થી સોલાર પાર્ક તરફનો માર્ગ પણ બિસ્માર હાલતમાં હતો. તેનું પણ કામ તંત્ર દ્વારા યુધ્ધનો ધોરણે શરુ કરાયું છે. ત્યારે ટુંક સમયમાં તંત્ર દ્વારા માર્ગ તૈયાર થઈ જતા નાગરીકોને રાહત મળશે.

# કોલવડામાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે ચિંતન શિબિર





ગાંધીનગર, તા.૩૦

શ્રીમતી કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા, ખાતે ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૫ જેટલા વાલીઓ હાજર રહ્યા હતા.

વિદ્યાર્થીઓમાં વાંચન અને પરીક્ષાલક્ષી અભિગમ કેળવાય તે હેતુથી તેમજ શાળાના શૈક્ષણિક કાર્ય ઉપરાંત વધારાના વર્ગો દ્વારા ધો-૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ કારકિર્દીના વર્ષમાં સફળતા મેળવે તે માટેનું આયોજન, વધારાના પ્રશ્નપત્રો લખવાનું આયોજન વગેરે બાબતો પર આચાર્યા ભાવનાબા વાઘેલાએ વિદ્યાર્થીઓ અને વાલીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. તેમજ વિદ્યાર્થીઓ ૧૦૦ ટકા હાજર રહી પરિણામ સુધારણા માટે પ્રયત્નો કરે વગેરે બાબતો પર સલાહ સૂચન આપ્યા હતા.

શાળાના નિવૃત્ત સુપરવાઈઝર ચીનુભાઈ પટેલે વિદ્યાર્થીઓને પરીક્ષામાં કેવી રીતે તૈયારી કરવી તેમજ આગામી વર્ષોમાં કેવું આયોજન કરવું તે બાબત પર પોતાના અનુભવનો નિચોડ જણાવી વિદ્યાર્થીઓ અને વાલીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું.

ધો-૧૦ના વર્ગશિક્ષક નારણભાઈ પટેલે જુદા જુદા વિષયોમાં કેવી રીતે તૈયારી કરવી તે અંગે માર્ગદર્શન તેમજ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમને અંતે આભાર દર્શન ગીરીશભાઈ પટેલે કર્યું હતું.

# ડેપોમાંથી ગુમ થયેલા મહારાષ્ટ્રના યુવાનનો અઢી મહિનાથી પત્તો મળતો નથી.!!

## મહારાષ્ટ્રથી બે મિત્રો ગાંધીનગર આવ્યા હતા : ચાલતા અંબાજી જવાના હતા

ગાંધીનગર, તા.૩૦

મહારાષ્ટ્રથી બે મિત્રો ૯ સપ્ટેમ્બરે વાહનમાં ગાંધીનગર આવ્યા હતા અને ગાંધીનગર ડેપોથી બંને મિત્રો અંબાજી પગપાળા જવાનાં હતા. બે મિત્રો પૈકી એક અચાનક ગુમ થઈ ગયો હતો. ગુમ યુવાનનાં મિત્રએ સે-૭ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ અરજી પણ આપી. પોલીસ અને ગુમ યુવાનનાં મિત્ર તથા પરિવારજનોએ ખુબ શોધખોળ કરી પરંતુ આજે અઢી મહિના થઈ ગયા છતા તે યુવાનનો કોઈ જ પત્તો મળતો નથી. પોલીસ હજુ તેની શોધખોળ માટે તજવીજ કરી રહી છે.

મહારાષ્ટ્ર રાજ્યના એક નાનકડા ગામમાં રહેતા બે શ્રમજીવી યુવાન મિત્રો ૯ સપ્ટેમ્બરે ગાંધીનગર આવ્યા હતા અને ગાંધીનગર એસ.ટી ડેપો ખાતે ઉતરીને ત્યાંથી ચાલતા અંબાજી જવાનાં હતા. શ્યામ કલ્યાણસિંહ રાઠોડ અને તેનો ૩૫ વર્ષિય મિત્ર બબનદાદા ભાઉ જાદવ બંને રાત્રે ડેપો આવ્યા ત્યારબાદ ૧૧ વાગ્યાનાં અરસામાં રાત્રે બબનદાદા લાપતા થઈ ગયો હતો.અચાનક ગાયબ થઈ ગયેલા બબનને શોધવા તેના મિત્ર શ્યામે આસપાસમાં ખુબ શોધખોળ કરી પરંતુ ક્યાંયથી તેના સગડ મળ્યા ન હતા. આખરે શ્યામે બબનનાં પરિવારને અને સે-૭ પોલીસને બબનનાં ગુમ થયા અંગેની જાણ કરી હતી. સે-૭ પોલીસમથકનાં જમાદાર જસવંતસિંહ તથા ટીમે શોધખોળ શરુ કરી પરંતુ આજે અઢી મહિના થવા છતા તેના ક્યાંયથી સગડ મળતા નથી. પોલીસે હજુ તેની શોધખોળ માટે પ્રયત્નો ચાલુ રાખ્યા છે.

## વાતવાતમાં

● મુક્તિધામ ખાતે યોજાયેલ પારેખદાદાની ભજનસંધ્યામાં ઉપસ્થિત શ્રોતાઓ નયનરમ્ય માહોલમાં પણ સતત ફેલાઈ રહેલ દુર્ગંધથી ત્રસ્ત થયા હતા. સ્મશાનની બાજુમાં જ ખડકાયેલા ગેરકાયદેસરના ડમ્પીંગ યાર્ડના કચરાને કારણે આ દુર્ગંધ મુક્તિધામની સુંદરતા માણવા આવતા મુલાકાતીઓ માટે માથાનો દુઃખાવો બની છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ૩૦ વર્ષથી વધુ કારકિર્દીની સેવાઓ આપનાર બે કર્મચારીઓ જી.બી. પંડયા અને સુનિલ પંડયાનો વય નિવૃત્તિ સમારોહ યોજાયો હતો. આ સમારંભમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી ડી. ચૌહાણ તથા અજય પટેલની હાજરીમાં બંને કર્મચારીઓને ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડો. કલ્પેશ શાહ બુધવારે વયનિવૃત્ત થયા હતા. ડો. કલ્પેશ શાહને તેમની ફરજના અંતિમ દિવસે વિદાય સાથે નિવૃત્તિ જીવન માટે શુભેચ્છા આપવા દિવસભર સહકર્મચારીઓ ઉપરાંત શુભેચ્છકો, દર્દીઓ વગેરેનો ધસારો સતત રહ્યો હતો.

# એસ.ઓ.જીનાં લાયસન્સ વગર ચાલતી વધુ ચાર હોટલો પર દરોડા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર એસ.ઓ.જીની ટીમે લાયસન્સ વગર ધમધમતી હોટલો પર ચેકિંગ કરી તેના માલીકો સામે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે. રોજ એક-બે હોટલના માલીક સામે લાયસન્સ વગર હોટલ ચલાવવા બદલ જીલ્લા કલેકટરનાં જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરવામાં આવે છે ત્યારે આજે વધુ ચાર હોટલ પર દરોડા પાડી એસ.ઓ.જીની ટીમે તેના માલીકો સામે ગુના દાખલ કર્યા છે. ઈન્ફોસિટીમાં અને કુડાસણ વિસ્તારમાં ધમધમતી આ હોટલોનાં માલીકો સામે ગુના દાખલ કરવામાં આવ્યા છે.

ઈન્ફોસિટી સુપરમોલ-૧ માં વધુ બે હોટલો અને કુડાસણમાં પણ વધુ બે હોટલો લાયસન્સ વગર ધમધમતી હોવાની માહિતીને આધારે ગાંધીનગર એસ.ઓ.જી પી.આઈ જે.ડી.પુરોહીતની ટીમે તે ચારેય હોટલો પર દરોડા પાડીને તેના માલીકો સામે કાર્યવાહી આરંભી છે. ઈન્ફોસિટી સુપરમોલ-૧ માં રોયલ સેફ નામની હોટલમાં દરોડો પાડી તેના માલીક સોમ મિત્રા સામે ગુનો દાખલ કર્યો છે. તે ઉપરાંત ઈન્ફોસિટી સુપરમોલ-૧ માં કુમકુમ ભોજનાલયમાં દરોડો પાડી તેના માલીક સંદિપ માધુ ભુત સામે કાર્યવાહી કરી છે. ઈન્ફોસિટી સુપરમોલ-૧ સિવાય કુડાસણ ખાતે સ્થિત રાધે સ્કવેરમાં પણ બે હોટલો પર દરોડા પાડવામાં આવ્યા છે. હોટેલ સ્વિઝ ટેસ્ટમાં દરોડો પાડી તેના ત્રણ માલીકો વિરલ રમેશ પટેલ, રમેશ રેવા પટેલ અને જીતુ રાવજી પટેલ સામે જીલ્લા કલેકટરનાં જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે રાધે સ્કવેરમાં આવેલી શક્તિ સેન્ડવિચમાં દરોડો પાડી તેના માલીક ગૌતમ વિજય બ્રહ્મભટ્ટ સામે કાર્યવાહી કરી છે. ગાંધીનગર એસ.ઓ.જીની ટીમે વધુ ચાર હોટલો પર દરોડા પાડી છ હોટલ માલીકો સામે જીલ્લા કલેકટરનાં જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# શહેરની બેંકોમાં રૂપીયાની અછત હોવાથી નાગરીકો હેરાન

ગાંધીનગર, તા.૩૦

નોટબંધીની અછત નગરમાં અત્યારે હાલના સંજોગોમાં પણ વર્તાઈ રહી છે. સામાન્ય નાગરીક હેરાન પરેશાન થઈ ગયો છે. વેપાર ધંધા તેમજ જનજીવન પર નોટબંધીની ભારે અસર વર્તાઈ રહી છે. નગરમાં વીસ દિવસ થયા છતા બેંકમાં રૂપીયા લેવા જતા ખાતેદારને પણ ખાલી હાથે ઘરે પરત ફરવાનો વારો આવ્યો છે. બેંકોના પગથીયા ઘસી નાંખ્યા નાગરીકોએ પણ ત્રણ સપ્તાહનો સમય વિત્યો હોવા છતા રૂપીયાની બુમ ઓછી થવા પામી નથી. ત્યારે ગાંધીનગર શહેરની બેંકોમાં રૂપીયાની અછત હોવાથી નાગરીકોને પારાવાર પરેશાની વેઠવાનો વારો આવ્યો છે.

નોટબંધી છેલ્લા ત્રણ સપ્તાહથી ચાલી આવે છે. બેંકોમાં રૂપીયા ડિપોઝીટ કરી શકાય છે પરંતુ ઉપાડી શકાતા નથી. નોટબંધીના અમલ પહેલા ખાતેદારના ખાતામાં હોય તેટલી રકમ ઉપાડી શકાય તેમ કહેવામાં આવે છે પરંતુ બેંકમાં જાય ત્યારે માત્ર ને માત્ર ગણ્યાં ગાઠયા રૂપીયા આપવાનું કહેતા ખાતેદાર તુરંત પાછો બેંકના પગથીંયા ઉતરી જાય છે. કારણ કે વધુ પૈસાની જરુર હોય અને થોડા પૈસા આપે તો કામ અટકી પડે તેવી સ્થિતિમાં હોય છે. ત્યારે નોટબંધીને કારણે ઘણા વ્યવ્હારો અટવાઈ ગયા છે. સામાન્ય નાગરીકો મુશ્કેલી વેઠી રહ્યા છે. વેપાર ધંધા બંધ હાલતમાં છે. વેપારીઓ ડચકા ખાઈને ધંધાને જીવંત રાખવા મથામણ કરી રહ્યા છે. ત્યારે આગામી સમયમાં ખાનગી તેમજ સરકારી કર્મચારીઓને પગાર તારીખો હોવાથી બેંકમાં રૂપીયા મળશે કે કેમ તે પ્રશ્ન સૌ કોઈને સતાવી રહ્યો છે.

# હોસ્પિટલના આરએમઓ ડો.કલ્પેશ શાહનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં આરએમઓ તરીકે ફરજ બજાવતા ડો. કલ્પેશ શાહ આજે વયનિવૃત થતા વિદાય સમારોહ ઓપીડી બિલ્ડીંગ ખાતે યોજાયો હતો. ડો. કલ્પેશ શાહ છેલ્લા પંદર વર્ષથી



ગાંધીનગર હોસ્પિટલમાં ફરજ બજાવે છે. તેઓએ હોસ્પિટલના તાત્કાલીક વિભાગમાં સૌથી વધુ ફરજ બજાવી છે. જયારે ત્રણ વર્ષ જિલ્લા પંચાયતમાં આરોગ્ય અધિકારી તરીકે પણ સેવા આપી ચુક્યા છે. જયારે છેલ્લા દોઢ વર્ષથી ઈન્ચાર્જ આરએમઓ તરીકે સેવા આપી રહ્યા હતા. તેઓની કોઠા સુઝ અને સાલસ અને સરળ સ્વભાવ હોવાથી કર્મચારીઓમાં પણ આગવું સ્થાન ધરાવતા હતા. જયારે સાથી ડોકટર મિત્રોમાં ડો. શાહ રમુજી સ્વભાવ માટે જાણીતા હતા. ગમે તેવું દુખ હોય પણ હંમેશા હસતા અને દર્દથી કણસતા દર્દીને પણ ઘડીવારમાં તેનુ દુખ ભુલાવી દેતા ડો. શાહ નિવૃત થતા હોસ્પિટલને ન પુરાય તેવી ખોટ પડી છે. વિદાય સમારોહ પ્રસંગે તબિબિ અધિક્ષક ડો. બિપિન નાયકે તેમને નિવૃતી જીવન આનંદમય અને સુખમય પસાર થાય તેવી શુભકામના પાઠવી હતી. જયારે સાથી ડોકટર્સ મિત્રોએ સુખદુખના સંભારણા તેમજ ખાટીમીઠી પળો આ પ્રસંગે યાદ કરતા દરેકની આંખ ભરાઈ આવી હતી. આ વિદાય સમારોહ પ્રસંગે ડો. શાહનું પુષ્પગુંચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરાયું હતું અને સેવાઓને બિરદાવી હતી. આ પ્રસંગે ડે.આરએમઓ ડો. રાજેન્દ્ર ચૌહાણ, ડો. કલ્પેશ જશપરા, ડો. ચિરાયુ વૈધ, ડો. એમ.કે. પરમાર, તેમજ વહીવટી અધિકારી બી.એમ.કટારા, ડી.કે.વણકર, એસઆઈ ભરત બારોટ, પ્રકાશભાઈ સહિત મોટીસંખ્યામાં કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# મુકિતધામમાં પારેખદાદાની વાંસળીના સૂરો પરોઢ સુધી રેલાયાં...!!

## સતત ૨૫મા વર્ષે પારેખદાદાએ આખી રાત વાંસળી વાદન કરી મૃતાત્માઓને શ્રધ્ધાંજલી આપી : રાતભર ચાલેલી ભજન સંધ્યામાં શ્રોતાઓ ભાવવિભોર થયા

ગાંધીનગર, તા.૩૦

મંગળવારની રાત્રે ગાંધીનગરના સે-૩૦ મુકિતધામ સ્મશાન ખાતે આખી રાત પારેખદાદાની વાંસળીના સૂર રેલાયા હતા. સૂરોના સહારે યોજાયેલ ભજન સંધ્યામાં શ્રોતાઓ મંત્રમુગ્ધ બની ભાવવિભોર થયા હતા. આ કાર્યક્રમના પહેલા ચરણમાં અમદાવાદના જાણીતા કલાકાર પલ્લવીબેન મલાવિયા તથા મહિપતસિંહ જાડેજાએ પણ એકથી એક ચઢિયાતા ભજનો ગાઈ માહોલને સુંદર રીતે સજાવ્યો હતો.

સતત ૨૫મા વર્ષે ગાંધીનગરના ૭૨ વર્ષીય વયોવૃધ્ધ વાંસળીવાદક પ્રવિણચંદ્ર ગોવિંદલાલ પારેખ ઉર્ફે પારેખદાદાએ મુકિતધામ સ્મશાન ખાતે મૃતાત્માઓના આત્માની શાંતિ અર્થે કારતક માસની અમાસે રાતભર વાંસળી વાદનનો કાર્યક્રમ યોજયો હતો. આ કાર્યક્રમમાં રાતભર ભજનોની રમઝટ ચાલી હતી. જેમાં સંત રવિસાહેબ, રાજપીપળાના સભારબાપુ તથા તેમના ગુરુ અનવરસાહેબ વીસનગરવાળા, નરસિંહ મહેતા, મીરાંબાઈ વગેરેના ભજનો ઉપરાંત હવેલી સંગીતની રચનાઓ, ગુલામઅલીની ગઝલો વગેરેની પણ પ્રસ્તુતિ કરાઈ હતી. આ કાર્યક્રમમાં વહેલી પરોઢે નરસિંહ મહેતાના પ્રભાતિયાથી પુર્ણાહુતિ કરાઈ હતી. સમગ્ર કાર્યક્રમમાં પારેખદાદા ઉપરાંત પલ્લવીબેન મલાવિયા, મહિપતસિંહ જાડેજા, ગાંધીનગરના તબલાવાદક ચંદ્રકાંત પંડયા દ્વારા પણ ભજનોની પ્રસ્તુતિ કરાઈ હતી. આ કાર્યક્રમમાં તબલા પર રાજેશ પારેખ, ઋષિ શ્રીમાળી તથા ચંદ્રકાન્ત પંડયાએ સંગત પુરી પાડી હતી. કાર્યક્રમમાં હરેશભાઈ રાવત દ્વારા નાસ્તાની તથા પેથાપુરના જનકચાવાળા મહેશભાઈ તરફથી ચાની વ્યવસ્થા કરાઈ હતી. આ ઉપરાંત સોનીપુરના ચિરાગ સાઉન્ડ તરફથી સાઉન્ડ ગાદલા વગેરેની વ્યવસ્થા કરાઈ હતી. કાર્યક્રમમાં રોહિતભાઈ દરજી તથા અશોકભાઈ શર્મા વગેરેએ સહકાર પુરો પાડયો હતો તથા જુસિકા અગ્રણી જીલુભા ધાંધલે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના અગ્રણીઓ



જયરાજસિંહ સરવૈયા તથા આશાબા સરવૈયા સહિત શહેરના અનેક અગ્રણીઓ તેમજ સંગીત રસિકો ઉપસ્થિત રહ્યા હતા. પારેખદાદાએ કાર્યક્રમના આયોજનમાં સહકાર પુરો પાડનાર તમામ સેવાભાવીઓ તથા શ્રોતાઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# લીમડાના ઝાડ પરથી પટકાયેલા સરગાસણનાં યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક સરગાસણ ગામની સીમમાં આવેલી આસ્કા હોસ્પિટલ પાસે રહેતો ૩૫ વર્ષિય યુવાન રઘુ કાળુભાઇ ભરવાડ ૧૪ નવેમ્બરે ઘર નજીક એક લીમડાનાં ઝાડ પર ચઢીને ડાળી કાપતો હતો ત્યારે અચાનક કોઇ કારણોસર લીમડાનાં ઝાડ પરથી નીચે પટકાયો હતો. ઝાડ પરથી નીચે પટકાતા રઘુ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો હતો. તેને સારવાર માટે તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. છેલ્લા બે સપ્તાહથી હોસ્પિટલમાં અર્ધબેભાન હાલતમાં સારવાર લઇ રહેલા રઘુએ આખરે હોસ્પિટલમાં જ દમ તોડયો હતો. આ ઘટના અંગે ઇન્ફોસિટી પોલીસને જાણ થતા પી.એસ.આઇ વી.આર.ચૌધરીએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવીને ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. બબુબેન મનુભાઈ શ્રીમાળી, ઉ.વ. ૫૧
- સ્વ. ચંદ્રસિંહ હરિસિંહ ચૌહાણ, ઉ.વ. ૬૬
- સ્વ. ચુનીલાલ ઈશ્વરલાલ દરજી, ઉ.વ. ૯૫
- સ્વ. ધૂળીબેન જુહાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. ભગવાનદાસ કરશનદાસ પ્રજાપતિ, ઉ.વ. ૭૫